# ખાનગી વાહનોમાં મુસાફરી સાથે કોરોના ફ્રી.!!

## ખીચોખીચ ભરાતા વાહનોથી કોરોના સંક્રમણનો ભય, પોલીસ અને આરટીઓની આંખે હાથના પાટા

હાલમાં કોરોના સંક્રમણ ખૂબ જ વધી રહ્યું છે. અને કોરોનાનાં કેસો રોકેટ ગતિએ વધી રહ્યા છે અને મૃત્યુની સંખ્યા પણ વધી રહી હોવાથી દિવાળી પર્વ બાદ તો હોસ્પિટલોમાં જગ્યા પણ નથી મળતી. ત્યારે કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે જ્યાં સુધી વેકસીન ના આવે ત્યાં સુધી તમામે માસ્ક પહેરવું અને સોશિયલ ડીસ્ટન્સ જાળવવું તે જ સૌથી મોટી વેક્સીન છે. પરંતુ લોકો બહુ મોટી ભૂલો કરી રહ્યા છે. ઘણા લોકો માસ્ક પણ પહેરતાં નથી અને ડીસ્ટન્સ પણ જાળવતાં નથી.

અરવલ્લી જીલ્લાના મુખ્ય માર્ગો અને અંતરિયાળ વિસ્તારોમાં રીક્ષા તેમજ ખાનગી વાહનમાં પેસેન્જરોને ઘેટાં-બકરાની માફક બેસાડીને મુસાફરી સાથે કોરોના ફ્રી આપી રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. ખાનગી જીપ ચાલકો મુસાફરોને અંદર અને જીપની બહાર અને ઉપર નીચે ખીચોખીચ મુસાફરો ભરી મોતની સવારી કરાવી રહ્યા હોવા છતાં પોલીસતંત્ર કે આરટીઓ તંત્ર આંખ આડે કાંન કરી રહ્યું છે.

સામાન્ય નાગરિકો અને વાહનચાલકોને માસ્ક ન પહેરવા અને ટ્રાફિકના યોગ્ય નિયમોનું પાલન ન કરવા અંગે દંડ વસુલવામાં પાવરધું પોલીસ અને આરટીઓ તંત્ર જીલ્લામાં ખાનગી પેસેન્જર વાહનોમાં ખીચોખીચ મુસાફરો ભરી વાહન હંકારતા હોવા છતાં આંખ આડે કાન કરી રહ્યું હોવાથી બેફામ બન્યા છે. વાહનોની કેપેસીટી કરતા ત્રણથી ચાર ગણા મુસાફરો ઠસોઠસ ભરી કોરોનાની મુસાફરી કરાવી રહ્યા છે. ખાનગી વાહનોમાં ખીચોખીચ ભરેલા મુસાફરો માસ્ક પણ પહેરતા ન હોવાથી એકાદ મુસાફર કોરોના સંક્રમીત હોય તો સુપર સ્પ્રેડર બની શકે છે આવા ખાનગી વાહન ચાલકો જ કોરોનાને આમંત્રણ આપી રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસતંત્ર અને આરટીઓ વિભાગ ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરતા અને કોરોના સંક્રમણની સરકારી ગાઈડ લાઈનનું ઉલ્લઘન કરનાર ખાનગી વાહન ચાલકો સામે દંડાત્મક અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરે તે ખુબ જ જરૂરી બન્યું છે. મેઘરજ પંથકમાં ખાનગી જીપ ચાલકો ખીચોખીચ મુસાફરો ભરી કોરોનાને આમંત્રણ આપી રહ્યા હોય તેવા દ્રશ્યો સામાન્ય બન્યા છે ત્યારે મેઘરજ પોલીસ આળસ ખંખેરી મોતની સવારી કરાવી ખુલ્લેઆમ હેરાફેરી કરતા ખાનગી વાહનચાલકો સામે લાલ આંખ કરે તેવી લોકોમાં માંગ પ્રબળ બની છે.



# કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડા માસ્ક પહેરવાનું ચુકયા

### રાજીવ સાતવની ઉપસ્થતિમાં મોડાસામાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓની ચર્ચા કરવા બેઠક

મોડાસા, તા. ૧૩

સ્થાનીક સ્વરાજયના ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ભાજપ-કોંગ્રેસ સ્થાનીક સ્વરાજયની ચૂંટણીને લઈને બેઠકોનો દોર ચાલી રહ્યો છે, કોરોના સંક્રમણ અટકાવવા માસ્ક ઉમેદવારોની પસંદગી અંગેના માપદંડ સહીત સમીક્ષા બેઠક પ્રદેશ પ્રભારી રાજીવ સાતવ અને પ્રદેશ પ્રમુખ અમીત ચાવડાની ઉપસ્થિતિમાં મોડાસા સર્કિટ હાઉસમાં યોજાઈ હતી જેમાં પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા માસ્ક યોજાઈ હતી જેમાં અરવલ્લી જીલ્લાના કોંગ્રેસના ત્રણે ધારાસભ્યો, કોંગ્રેસ અગ્રણીઓ, જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયયત અને નગરપાલિકામાં ચૂંટાયેલ સદસ્યો અને વિવિધ મોરચાના પ્રતિનિધિઓ માસ્ક



અને સોશ્યલ ડીસ્ટન્સ જાળવવા સરકાર અને નેતાઓ લોકોને સલાહ આપી રહ્યા છે પરંતુ ખુદ રાજકીય અગ્રણીઓ જ માસ્ક વગર જોવા મળી રહ્યા હોવાની સાથે ભીડ એકઠી કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને મોડાસા નગર પાલિકાની મુદત પૂર્ણ થઇ રહી છે ત્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિજય પ્રાપ્ત કરવા અને પહેરવાનું ચુક્યા હતા તેમની પાસે માસ્ક તો હતું પણ હાથમાં લટકતું જોવા મળ્યું હતું. આ બેઠકમાં અરવલ્લી જીલ્લાના ત્રણે ધારાસભ્યો સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસી અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા.

રવિવારે મોડાસા સર્કિટ હાઉસમાં કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવ અને પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાની ઉપસ્થિતીમાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીને લઈને બેઠક પહેરી ઉપસ્થીત રહ્યા હતા પરંતુ પ્રદેશ પ્રમુખ અમીત ચાવડા માસ્ક વગર જોવા મળતા ચર્ચાનું કેન્દ્ર બન્યા હતા. બેઠકમાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં સંગઠનને મજબૂત કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી અને સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં કોંગ્રેસનો ભવ્ય વિજય થાય તે માટે કામગીરીમાં લાગી જવા હાકલ કરી હતી.

# પાલનપુરમાં મોટરની દુકાનમાં આગ લાગતા દોડધામ

પાલનપુર

પાલનપુર ગુરૂનાનક ચોક નજીક આવેલ એક મોટરની દુકાનમાં કોઈ અગમ્ય કારણોસર આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. જેની જાણ દુકાન માલિકને થતા ફાયર ફાયટરને જાણ કરવામાં આવી હતી.જેથી ફાયરનો સ્ટાફ દોડી આવી આગ ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો.

પાલનપુર ગુરૂનાનક ચોક વિસ્તારમાં આવેલ સુરજ ટ્રેડીંગ કંપનીની દુકાનમાં શનિવારે કોઈ અગમ્ય કોરણોસર દુકાનમાં આગ લાગી હતી.જેની જાણ દુકાનના સંચાલકને થતા સંચાલક દ્વારા પાલનપુર નગરપાલિકાના ફાયર-ફાયટરને જાણ કરવામાં આવી હતી.




જેના પગલે લોકોના ટોળે-ટોળા એકત્ર થઈ ગયા હતા.અને ફાયર-ફાયટરને જાણ કરવામાં આવી હતી. જેથી ફાયર-ફાયટરનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવી આગ ઉપર કાબુ મળવ્યો હતો.જેના પગલે મોટી જાન હાની ટળી હતી.

# બનાસકાંઠા સાંસદના હસ્તે ઓનલાઈન જનરલ ટીકીટ બારી બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું

પાલનપુર રેલવે સ્ટેશન ખાતે શનિવારે રિઝર્વેશન કોમ્પ્યુટર તેમજ જનરલ ટિકિટ બારીના બિલ્ડીગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

પાલનપુર રેલ્વે સ્ટેશન હદમાં જૂના રેલવે પોલીસ સ્ટેશન કંપાઉન્ડમાં નવાં બીલ્ડીંગમાં શનિવારના રોજ બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ ના હસ્તે ઓનલાઈન જનરલ ટીકીટ બારી બિલ્ડીગનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.જો કે ખુલ્લુ મુકવામાં આવેલા આ નવા જનરલ ટિકિટ બારીના બિલ્ડિંગને લઈને લોકોને સુલભતા રહેશે. સારી પાર્કિંગ વ્યવસ્થા અને ખુલ્લી જગ્યાને લઈને મુસાફરોને ભિડભાડથી દુર ટીકીટ લેવામાં સરળતા રહેશે તેવું જણાવ્યું હતુ. બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલે ઓનલાઈન લોકાર્પણ કર્યું હતુ તે સમયે પાલનપુરમાં સ્ટેશન મેનેજર ડી.એમ. રાઠોડ, ચીફ રિઝર્વેશન ઈન્સ્પેક્ટર પ્રહલાદભાઈ હિરાગર સહિત રેલવે સ્ટાફ હાજર રહ્યો હતો.



## ડીસા તાલુકાના રમુણ ગામ પાસેથી યુવકનો મૃતદેહ મળતા ચકચાર

ડીસા તાલુકાનારમુણ ગામ નજીક રામસણ જવાના રોડ પર વહેલી સવારે એક યુવકની લાશ પડી હોવાની વાતથી સમગ્ર ગામમાં ચકચાર મચી જવા પામી હતી અને આ યુવકની લાશને જોવા માટે લોકોના ટોળા ઉમટી પડયા હતા તો બીજી તરફ સ્થાનિક લોકો દ્વારા પોલીસને જાણ કરતાં આગથળા પોલીસ પણ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળે આવી પહોંચી હતી અને પોલીસે મૃતક યુવક ની ઓળખવિધિ હાથ ધરતા મૃતક યુવક નરપતસિંહ ફુલાજી રાજપૂત ઉર્ફે નપિયો હોવાનું સામે આવ્યું હતું રસ્તા પરથી આ લાશ મળી આવતા અનેક તર્ક વિતર્કો જોવા મળી રહ્યા છે સમગ્ર બાબતને લઈ અત્યારે તો પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે ત્યારે આ યુવકના મોતનું સાચુ કારણ તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

## મખદૂમ ચોકડી નજીક વાહનની અડફેટે આખલો ઈજાગ્રસ્ત થતા મુસ્લીમ યુવકોએ સારવાર કરાવી

મોડાસા, તા. ૧૩

મોડાસા શહેરના માર્ગો પર રખડતા પશુઓનો ત્રાસ અસહ્ય બની રહ્યો છે, શહેરના માર્ગો પર રાત્રીના સુમારે ટ્રક, લકઝરી બસ ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારતા હોવાથી રોડ બાજુમાં બેઠેલા પશુઓને અડફેટે લઈ રફુચક્કર થઈ જવાની ઘટનાઓ સતત બની રહી છે. ત્યારે મોડાસા કોલેજ રોડ પર આવેલી મખદૂમ ચોકડી નજીક અજાણ્યા વાહનની અડફેટે આખલો ઈજાગ્રસ્ત થતા અને વાહનના ટાયર નીચે પગ કચડાઈ જતા અસહ્ય દર્દથી કણસતા આખલાની વ્હારે મુસ્લિમ યુવકો દોડી આવ્યા હતા અને વેટેનરી ડોક્ટરને બોલાવી સારવાર કરાવી આખલાને દર્દમાંથી મુક્ત કરાવી ઘાસચારા સહીત પાણીની વ્યવસ્થા કરી હતી. યુવકોની સેવાકીય કામગીરીની જીવદયા પ્રેમીઓએ સરાહના કરી હતી.

## મોડાસા સહકારી જીનના ચેરમેન તરીકે પંકજ પટેલની બિન હરીફ વરણી

મોડાસા, તા. ૧૩

મોડાસા તાલુકા સહકારી જીનની ચેરમેનની ચૂંટણીમાં સહકારી અગ્રણી પંકજભાઈ એન પટેલ(ચૌધરી) (મુન્શીવાડા) સાબરકાંઠા મધ્યસ્થ જિલ્લા



સહકારી બેંકના મેનેજીંગ ડિરેકટરની મોડાસા તાલુકાની પ્રતિષ્ઠીત સહકારી સંસ્થા મોડાસા સહકારી જીનની યોજાયેલ ચેરમેનની ચૂંટણીમાં બિનહરીફ ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી જેથી સહકારી આગેવાનો તેમજ રાજકીય આગેવાનો અધિકારીઓ, કર્મચારીઓએ અભિનંદન આપ્યા હતા.

# મોડાસામાં એક્ટીવા પર દેશી દારૂના પોટલાં આપવા આવતા બુટલેગરને એલસીબીએ દબોચ્યો

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. મોડાસા શહેરના વિસ્તારમા ૪ જેટલી મહિલાઓ દેશી દારૂના અડ્ડાઓ ચલાવી રહી છે. અરવલ્લી એલસીબી પોલીસે એક્ટિવા પર પ્લાસ્ટિકના ચાર પોટલામાંથી દેશી દારૂ લીટર-૬૯ બાજી લગાવી બેઠા હોવાની બાતમી મળતા તાબડતોડ કઉં-કુકરી ગામે રેડ કરી ખુલ્લી જગ્યાને કોર્ડન કરી ગોળ કુંડાળું કરી ૫૧૦૦ રૂપિયાની બાજી લગાવી



સર્વોદયનગર (ડુંગરી) વિસ્તારમાં રોજનો હજ્જારો લીટર દેશી દારૂ શ્રમિકો ગટગટાવી જતા હોય છે જેમાં મોટા ભાગનો દેશી દારૂનો જથ્થો છારાનગર (જીવણપૂર) સહીત મોડાસા શહેરના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાંથી લોડીંગ અને સીએનજી રિક્ષા અને સ્કૂટર, મોપેડ અને બાઈક મારફતે ઠાલવવામાં આવી રહ્યો હોવાનું જગજાહેર છે. પોલીસતંત્ર પણ પ્રોહીબીશનના કેસ કરવાના હોય ત્યારે સર્વોદયનગર વિસ્તારમાં ત્રાટકતી હોય છે. સર્વોદયનગર કીં. રૂ.૧૩૮૦નો જથ્થો જપ્ત કરી છારાનગર (જીવણપૂર)ના ધર્મેશ ધનજી પરમાર (છારા) નામના ખેપિયાને ઝડપી પાડી ૩૧ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમને મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કઉં-કુકરી ગામમાં આવેલી પ્રાથમીક શાળાના બાજુમાં ખુલ્લા મેદાનમાં શકુનિઓ હારજીતની ગંજીપાનાનો જુગાર રમતા બાબુ સાહેબખાન ભટ્ટી, રઝાક જામુખા ભટ્ટી કઉ-કુકરી (બંને રહે કઉં-કુકરી), રઝાક ફકીરમોંહમદ ભટ્ટી, મો.હનીફ ગુલામનબી પટેલ, સલીમ અબ્દુલ કરીમ ઘાંચી (ત્રણે રહે, મોડાસા)ને ઝડપી પાડી તેમની અંગ જડતી લેતા વધુ રૂ.૧૧૧૦૦ મળી કુલ રૂ.૧૬૧૦૦ની રોકડ જપ્ત કરી ૫ જુગારીઓ સામે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં જુગારધારા કલામ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સાબરકાંઠા અરવલ્લી ફિઝિકલી હેન્ડીકેપ્ડ વેલ્ફેર મંડળ બુટાલ ધ્વારા દિવ્યાંગના લગ્ન યોજાયા

સમાજ માટે ઉદાહરણરૂપ કાર્ય કરતા સાબરકાંઠા/અરવલ્લી ફિઝિકલી હેન્ડીકેપ્ડ વેલ્ફેર મંડળ બુટાલ ધ્વારા દિવ્યાંગના લગ્ન યોજાયા હતા આ લગ્ન ધનસુરા ના જામઠાં પાસે આવેલ મહાદેવજી મંદિર ઝાંઝરી ખાતે યોજાયા હતા. જેમાં દિનેશભાઈ (અજમેરપુરા) અને લીલાબેન ના લગ્ન યોજાયા હતા. દિવ્યાંગ ભાઈ બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં મંદિર ના મહંત તથા વિનોદચંદ્ર પટેલ, કરસનભાઈ પટેલ, પુષ્પાબેન પટેલ, નટુભાઈ દેસાઈ, પ્રકાશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા/અરવલ્લી ફિઝિકલી હેન્ડીકેપ્ડ વેલ્ફેર મંડળ બુટાલ ના વિનોદચંદ્ર પટેલ અને પુષ્પાબેન પટેલ સહિતના લોકો ધ્વારા સમાજમાં ઉદાહરણ રુપ દિવ્યાંગના લગ્નના આ કાર્યને સૌએ બિરદાવ્યા હતા. સરકારની ગાઈડ લાઈન મુજબ લગ્ન યોજાયા હતા. નવદંપતીને સૌએ સુખી લગ્ન જીવન માટે આશીર્વાદ આપ્યા હતા.

# દેશની સૌપ્રથમ કરોડોના ખર્ચે બનેલી ડિજિટલ શામળાજી-રતનપુર ચેકપોસ્ટ ખંડેર હાલતમાં

## અસામાજીક તત્ત્વોનો અડ્ડો, બારી બારણા પણ ચોરાયા

શામળાજી, તા. ૧૩

રાજ્યમાં સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટને અંદાજે ૫ કરોડથી વધુના ખર્ચે આધુનિકરણ કરાઈ અને દેશની પ્રથમ ડિજિટલ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી. એક વર્ષ અગાઉ રાજ્ય સરકારે રાજ્યની ૧૬ ચેકપોસ્ટ નાબૂદ કરવાનો નિર્ણય લીધા બાદ રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી શામળાજી ચેકપોસ્ટનો સૂર્યાસ્ત થયો હતો. ચેકપોસ્ટ બંધ થયા બાદ જાણે ચેકપોસ્ટને નધણિયાત છોડી દેવામાં આવી હોય તેમ આરટીઓ ચેકપોસ્ટના બારી બારણા અને ફર્નિચર પણ ચોરાઈ જતા ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. આ ચેકપોસ્ટ પર અસામાજીક તત્ત્વો પણ અડ્ડો જમાવતા હોવાની બૂમો ઉઠી રહી છે ત્યારે લોકોના ટેક્સના રૂપિયાનો દૂર ઉપયોગ થઈ રહ્યો હોય અને જવાબદાર તંત્રનો અણધડ વહીવટથી લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ગુજરાત-રાજસ્થાન રાજ્યની આંતરરાજ્ય સરહદ પર શામળાજી નજીક રતનપુર ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર અટકાવવા દેશની સૌપ્રથમ કરોડો રૂપિયાના ખર્ચે ડીજીટલ ચેકપોસ્ટ નિર્માણ કરવામાં આવી હતી. અંદાજે ૪૫ કરોડ જેટલો માતબર ખર્ચ આ ચેકપોસ્ટના અત્યાધુનિકરણ પાછળ ખર્ચ કરવામાં આવ્યાના થોડા સમય બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તમામ ચેકપોસ્ટ બંધ કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણય બાદ કરોડો રૂપિયાના ખર્ચે ઉભી કરાયેલ ડીજીટલ ચેકપોસ્ટ નકામી બની ગઈ હતી. આરટીઓ ચેકપોસ્ટના બિલ્ડીંગના લોકો બારી બારણા અને ફર્નિચર પણ ચોરીને લઈ જતા ખંડેર હાલતમાં જોવા મળી રહી છે. અસમાજિક તત્ત્વો પણ અડ્ડો જમાવતા આ આરટીઓ કચેરીમાં કોઈ ગુન્હાહીત પ્રવૃત્તિને અંજામ આપે તે પહેલા આરટીઓ કચેરીને ઉતારી લેવામાં આવે કે પછી યોગ્ય જાળવણી કરવા માટે પગલા ભરવામાં આવેની માંગ પ્રબળ બની છે.



## લગ્ન પ્રસંગમાં એરગનથી ફાયરિંગ કરનાર સહીત ૩ વ્યક્તિઓ સામે ફરીયાદ

પાલનપુર તાલુકાના કાણોદર ગામમાં લગ્ન પ્રસંગમાં એરગનથી હવામાં ફાયરિંગ કરી લગ્નના વરઘોડામાં હાજર વ્યક્તિઓની શારીરીક સલામતી જોખમાય તેવુ કૃત્ય કરવામાં આવ્યુ હતુ. પોલીસ દ્વારા જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હોવાનો તાલુકા પોલીસ મથકમાં ૩ વ્યક્તિઓ સામે ગુનોનોંધી અટકાયત કરવામાં આવી છે. કાણોદર ગામમાં એરગનથી હવામાં ફાયરિંગ કરી વરઘોડામાં હાજર વ્યક્તિઓની શારીરીક સલામતી જોખમાય તેવુ કૃત્ય કર્યુ હતુ.તેમજ સરકારની કોવીડની ગાઈડ લાઈનનો ભંગ કરી સરકાર દ્વારા નક્કી કરેલા વ્યક્તિઓ કરતા વધુ વ્યક્તિઓને લગ્નમાં બોલાવી જાહેરનામાનો ભંગ કરવામાં આવતા અટકાયત કરવામાં આવી હતી. તપાસ તાલુકા પોલીસ ચલાવી રહી છે.

## ધનસુરા તાલુકામાં કોરોનાના એક્ટિવ કેસમાં ઘટાડો

ધનસુરા તાલુકામાં કોરોનાના એક્ટિવ કેસોમાં ઘટાડો ૩ લોકો કોરોના મુક્ત થયા. ૩ લોકો હોમ કોરોન્ટાઈન હતા જેમનો ૧૪ દિવસનો પિરીયડ પૂર્ણ થયો હતો. અગાઉ ધનસુરા તાલુકામાં ૫ એક્ટિવ કેસ હતા જે હવે ૨ થયા છે. ધનસુરા તાલુકામાં કોરોનાના એક્ટિવ કેસોમાં ઘટાડો થયો છે. જિલ્લા આરોગ્ય અધિકારી અમરનાથ વર્માએ ૧૨-૧૨-૨૦૨૦ના રોજ પત્ર ધ્વારા માહિતી આપી હતી જેમાં ધનસુરા તાલુકાના અત્યાર સુધીના કુલ કેસ ૭૭ છે તો એક્ટિવ કેસ ૨ છે, અગાઉ એક્ટિવ કેસ ૫ હતાં જેમાંથી ૩ લોકો સાજા થતા હાલ એક્ટિવ કેસ ૨ છે. જિલ્લા આરોગ્ય અધિકારી અમરનાથ વર્મા અને ધનસુરા આરોગ્ય અધિકારી યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ધનસુરામાં કોરોનાને લઈ કામગિરી કરવામાં આવી રહી છે.